# સેનાના વડા આ સપ્તાહમાં નિમાશે

નવીદિલ્હી,તા. ૨

યુપીએ સરકારે હવે સેનાના નવા વડાની નિમણૂંકના મુદ્દે પણ અતિ ઝડપથી આગળ વધવાનો સંકેત આપી દીધો છે. જે રીતે જાસુસી કાંડને લઈને ભાજપ સાથે શાબ્દિક યુદ્ધ છેડાઈ ગયું છે તેવી જ રીતે હવે આ મુદ્દો પણ હવે શાબ્દિક યુદ્ધ છેડાઈ જાય તેવી શક્યતા છે. સરકારે સેનાના આગામી વડાના નામ માટે પણ ઉતાવળથી આગળ વધવાની તૈયારી કરી છે. ચૂંટણી પંચ પાસેથી સરકારે મંજુરી પણ માંગી છે. બીજી બાજુ ભાજપે કહ્યું છે કે, આ અતિસંવેદનશીલ અને ટોચના હોદ્દા માટે નિર્ણયની જવાબદારી ચૂંટણી બાદ નવા વહીવટીતંત્રની હોવી જોઈએ. આ સપ્તાહની શરૂઆતમાં ચૂંટણી પંચને સરકાર પાસેથી એક દરખાસ્ત મળી હતી જેમાં આ દિશામાં આગળ વધવા તેની મંજુરીની માંગ કરવામાં આવી હતી. આચારસંહિતા હાલમાં અમલી બનેલી છે તેવી સ્થિતિમાં ચૂંટણી પંચની મંજુરી જરૂરી છે. ચૂંટણી પંચ દ્વારા પણ સમગ્ર મામલામાં ચકાસણી થઈ રહી છે. સશસ્ત્ર દળો સાથે સંબંધિત મામલાઓમાં ચૂંટણી પંચ સાવધાની રાખવા માંગે છે. સંરક્ષણ મંત્રાલયે કેટલાક નામ પણ સૂચવી દીધા છે. વાઈસ ચીફ ઓફ આર્મી સ્ટાફ લેફ્ટી જનરલ દલબીરસિંહ સુહાગના નામની ભલામણ વડાપ્રધાનની ઓફિસને કરવામાં આવી છે પરંતુ સરકારે કોઈપણ નામનો ઉલ્લેખ કરતા પહેલા ચૂંટણી પંચને પણ જાણ કરી છે. નિણમૂંકની પ્રક્રિયા આગળ વધારતા પહેલા પંચની મંજુરી લેવામાં આવી છે. અન્ય એક અધિકારીએ કહ્યું છે કે, કમિશન આગામી સપ્તાહ સુધી તેના નિર્ણયની જાણ કરશે. આ સંદર્ભમાં કોઈપણ અટકળો કરવાનો અધિકારીઓએ ઈન્કાર કર્યો છે. અગાઉના બે વખતે યુપીએ સરકારે સેના સાથે સંબંધિત મામલાઓ પર પંચની મંજુરી માંગી હતી પરંતુ પંચે કોઈ મંજુરી આપી ન હતી. ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશન એસવાય કુરેશીનું કહેવું છે કે, પ્રથમરીતે ચૂંટણી પંચ સમક્ષ આ મામલાને રજૂ કરવાની બાબત પણ ચિંતા ઉપજાવે તેવી છે. સેનાના આગામી વડાની નિમણૂંકને લઈને ખેંચતાણની સ્થિતિ ઉભી થઈ ગઈ છે. ભાજપ અને કોંગ્રેસ એકબીજાની સામે આવી ગયા છે.

## સેનાના વડાની નિમણૂંક મુદ્દે ઉતાવળ બદલ ભાજપ ખફા

સેનાના નવા મુદ્દે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જોરદાર આક્ષેપબાજીનો દોર શરૂ થઈ ગયો છે. એક બાજુ ભાજપે સેનાના નવા વડાની નિમણૂંક કરવાના મુદ્દે યુપીએ સરકારની ઉતાવળની યોજના સામે પ્રશ્નો ઉઠાવ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામી અને સેનાના ભૂતપૂર્વ વડા તથા ભાજપના નેતા વીકે સિંહે યુપીએ સરકાર ઉપર પ્રહાર કરતા કહ્યું છે કે, આ નૈતિકરીતે અને વંશીયરીતે અયોગ્ય બાબત છે. સમગ્ર બાબત ચૂંટણી બાદ નક્કી થવી જોઈએ. ચૂંટણી અંતિમ તબક્કામાં છે ત્યારે આ દિશામાં હાલ આગળ વધવાની જરૂર નથી. ચૂંટણીના પરિણામ ૧૬મી મેના દિવસે જાહેર કરવામાં આવનાર છે. નવી સરકારે સત્તા સંભાળી લીધા બાદ આ સંવેદનશીલ મુદ્દા ઉપર નિર્ણય થવો જોઈએ. ૧૫મી લોકસભાની અવધિ પહેલી જૂનના દિવસે પુરી થઈ રહી છે જેથી યુપીએ સરકાર તરફથી સેનાના નવા વડાની નિમણૂંકમાં ઉતાવળની બાબત ઘણા પ્રશ્નો સર્જે છે. બીજી બાજુ સરકારે ભાજપના આ દાવાને ફગાવી દઈને કહ્યું છે કે, નવા સેના વડાના નામ અંગેનો નિર્ણય કોઈ રાજકીય નિર્ણય નથી. સિનિયોરિટીના સિદ્ધાંતોને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવામાં આવ્યો છે. વર્તમાન સેના વડાની નિવૃત્તિના બે મહિના પહેલા જ અનુગામીના નામની જાહેરાત કરવાની બાબત પરંપરાગત છે.

આમાં કોઈ ઉતાવળ કરવામાં આવી રહી નથી. સિદ્ધાંત મુજબ જ સરકાર આગળ વધી રહી છે. સેનાના નવા વડાના નામને લઈને ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખેંચતાણ હવે આગળ વધે તેવી સંભાવના છે. ભાજપે રજૂઆત કરી છે કે, સેનાના નવા વડાની નિમણૂંકની જવાબદારી નવી સરકાર ઉપર છોડી દેવી જોઈએ. લોકસભાની ચૂંટણી પ્રક્રિયા ૧૬મી મેના દિવસે પૂરી થવા જઈ રહી છે.

**ઇન્ટરવ્યૂમાં તપાસની જરૂર : ભાજપ**

## પ્રિયંકા પુત્રી જેવા જ છે તેમ મોદીએ કહ્યું નથી

વારાણસી,તા. ૨

દૂરદર્શનને નરેન્દ્ર મોદીએ આપેલા ઈન્ટરવ્યૂને લઈને વિવાદ વચ્ચે ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદે આજે દાવો કર્યો હતો કે, ગુજરાતના મુખ્યમંત્રી મોદીએ પ્રિયંકા ગાંધી તેમના પુત્રી જેવા છે તેમ ક્યારે કહ્યું નથી. દૂરદર્શન ઉપર પ્રસારિત ઈન્ટરવ્યૂમાં કેટલીક બાબતો અયોગ્ય રીતે રજૂ થઈ હતી. પત્રકાર પરિષદને સંબોધતા રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, ઈન્ટરવ્યૂના કેટલાક હિસ્સાને એડિટ કરવાને લઈને કોઈ દબાણ હતું કે કેમ તેમાં તપાસ થવી જોઈએ. આશરે ૧૦ વર્ષ સુધી દૂરદર્શને ગુજરાતના મોદીનો બહિષ્કાર કર્યો હતો. અમને આ બાબત સાંભળીને દુખ થયું છે કે, ઈન્ટરવ્યૂના કેટલાક હિસ્સા ખોટી રીતે રજૂ કરવામાં આવ્યા છે. મોદીએ એવું ક્યારે કહ્યું નથી કે પ્રિયંકા તેમના પુત્રી જેવા છે. અખબારોમાં આ સમાચાર કેવી રીતે આવ્યા તેની તપાસ થવી જોઈએ. મોદીએ માત્ર એટલું જ કહ્યું હતું કે, પોતાની માતા અને ભાઈનો બચાવ કરવાની પુત્રીને અધિકાર છે અને આ સ્વભાવિક બાબત છે. ઈન્ટરવ્યૂને જાણી જોઈને અયોગ્ય રીતે રજૂ કરાયું છે કે કેમ તેમાં તપાસ થવી જોઈએ. જો કે, ભાજપના નેતાએ કહ્યું હતું કે, દેશના વિકાસની બાબત મુખ્ય છે. ઈન્ટરવ્યૂમાં તપાસ જરૂરી નથી. જાસુસી કાંડના મુદ્દે વર્તમાન જજ દ્વારા તપાસ પ્રશ્ને તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસે હાર સ્વીકારી લીધી છે.

## આસામમાં આંતક : ૧૧ લોકોની હત્યા

ગુવાહાટી,તા. ૨

એનડીએફબીના બળવાખોરો ફરી એકવાર જોરદાર રીતે સક્રિય થઈ ગયા છે. બોડોલેન્ડ પ્રદેશ વહીવટીતંત્ર વિસ્તાર હેઠળ આવતા બે જિલ્લાઓમાં બળવાખોરોએ ભારે આતંક મચાવ્યો છે. આ લોકોએ જુદા જુદા હુમલા કરીને ૧૧ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છે અને અન્ય ત્રણ લોકોને ઈજા પહોંચાડી છે. મળેલી માહિતી મુજબ આસામના કોકરાઝાર જિલ્લામાં બાલાપારા-૧ ગામમાં ત્રણ મકાનો ઉપર ૨૦થી ૨૫ જેટલા એનડીએફબીના બળવાખોરોએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં સાત લોકોના ઘટના સ્થળે મોત થયા હતા. માર્યા ગયેલાઓમાં લઘુમતિ સમુદાયના બે બાળકો અને ચાર મહિલાઓનો સમાવેશ થાય છે. આ હુમલામાં માર્યા ગયેલા ત્રણ વર્ષના બાળકનો મૃતદેહ પણ મળી આવ્યો છે. અન્ય બે પુરુષોને ગંભીર ઈજા થઈ હતી. ભોગ બનેલાના પરિવારના સભ્યોએ કહ્યું છે કે, આ




લોકોએ ત્યારબાદ અન્ય એક મકાન ઉપર હુમલો કર્યો હતો. બળવાખોરો વારંવાર હુમલાઓ કરીને ભારે આતંક મચાવી રહ્યા છે. બળવાખોરોએ વહેલી સવારે ખુની ખેલ રમતા અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. જેના કારણે વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. કોકરાજારના બાલપારા ગામમાં આ ગોળીબાર કરવામાં આવ્યો હતો.

આસામના બક્સા જિલ્લામાં ગુરૂવારે પણ બોડો બળવાખોરોએ આવો જ હુમલો કર્યો હતો. છેલ્લ ૨૪ કલાક દરમિયાન બોડો ત્રાસવાદીઓ દ્વારા કરવામાં આવેલા બીજા હુમલાના કારણે લોકોમાં હવે ભય છે. બીજા બાજુ સુરક્ષા વ્યવસ્થાની વિચારણા ચાલી રહી છે. ગુરૂવારે એક જ પરિવારના ત્રણ લોકોની ક્રુર હત્યા કરી હતી. સેના અને પોલીસની ટીમો ત્રાસવાદીઓની શોધખોળ કરી રહી છે. બક્સા અને કોકરાઝારમાં સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આસામના કેટલાક વિસ્તારોમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક પગલા લેવામાં આવ્યા હોવા છતાં હિંસા જારી રહી છે. બોડો બળવાખોરો કેટલીક માંગણીને લઈને વર્ષોથી લડત ચલાવી રહ્યા છે. આસામમાં કોઈ પણ કાર્યક્રમનો બોડો ત્રાસવાદીઓ હમેંશા વિરોધ કરે છે. ચૂંટણીનો પણ બહિષ્કાર કરવામાં આવ્યો હતો. જ્યારે પ્રજાસંત્તાક અને સ્વતંત્રતા દિવસની ઉજવણીનો પણ તેઓ વિરોધ કરે છે. તેમની સાથે વાતચીત પણ થઈ છે.

## રાષ્ટ્રપતિ ભવન સંકુલમાં મહિલાએ કરેલો આપઘાત

નવીદિલ્હી, તા. ૨

રાષ્ટ્રપતિ ભવન સંકુલની અંદર એક મહિલાએ આત્મહત્યા કરતા ભારે સનસનાટી મચી ગઈ હતી. પંખા ઉપર લટકી જઈને આ મહિલાએ આત્મહત્યા કરી હતી. પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, ૨૬ વર્ષીય સાજિયાએ તેના પિતાને આપવામાં આવેલા સર્વન્ટ ક્વાર્ટરની અંદર પંખા ઉપર લટકી જઈને આત્મહત્યા કરી લીધી હતી. તેના પરિવારના સભ્યોએ આજે આ મુજબની જાણ પોલીસને કરી હતી. આ મહિલાએ ગુરુવારે રાત્રે આપઘાત કર્યો હતો પરંતુ તેનો મૃતદેહ આજે સવારે હાથ લાગ્યો હતો. તેને હોસ્પિટલમાં સવારે ખસેડવામાં આવી હતી પરંતુ તે પહેલાથી જ મૃત હતી. તેની પાસેથી આત્મહત્યાની કોઈ નોટ મળી આવી નથી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, તેના પતિએ થોડાક મહિના પહેલા છુટાછેડા આપી દીધા બાદ તે હતાશ થયેલી હતી. પતિથી અલગ થયા બાદ તે હાલમાં પોતાના પિતાની સાથે રહેતી હતી. પોલીસ અધિકારીએ આ મામલામાં કેસ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવને લઈને તર્ક વિતર્કો પણ ચાલી રહ્યા છે.

## ચેન્નાઈ બ્લાસ્ટમાં આઈએમ અને સિમીનો હાથ હોવાની શંકા

ચેન્નાઈ,તા. ૨

ચેન્નાઈ રેલવે સ્ટેશન ઉપર બે બ્લાસ્ટ થયાને ૨૪ કલાકથી વધુનો સમય થઈ ગયો હોવા છતાં હજુ સુધી સુરક્ષા સંસ્થાઓ અને અન્ય ટીમમોને કોઈ નક્કર માહિતી મળી નથી તમામ પાસામાં ચકાસણી ચાલી રહી હોવા છતાં સફળતા મળી નથી. સતત બીજા દિવસે પણ શંકાસ્પદ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. હવે ચેન્નાઈ બ્લાસ્ટના મામલે ચાલી રહેલી તપાસમાં એવી શંકા પણ છે કે ત્રાસવાદી સંગઠન ઈન્ડિયન મુઝાહીદીન અને સિમીનો આમાં હાથ હોઈ શકે છે.પ્રાથમિક તપાસમાં લાગે છે કે આઈઈડીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. શાર્પનેલ તરીકે બોલ બેરિંગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બ્લાસ્ટ કેસમાં તપાસ કરવા સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરવામાં આવી છે. બ્લાસ્ટના મામલામાં રેલવે પોલીસે કેસ દાખલ કર્યા બાદ તમિળનાડુના ડીજીપી કે રામાનુજમ દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી હતી. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ દ્વારા આમા તપાસ કરવામાં આવી રહી છે. બીજી બાજુ શહેર પોલીસ, રેલવે પોલીસ, ફોરેન્સિક નિષ્ણાતો, બોંબ નિષ્ક્રિય કરતી ટુકડીઓ અને એનઆઈએની ટીમ દ્વારા પણ તપાસ હાથ ધરવામાં આવી છે. જરૂરી પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. આ સંદર્ભમાં એનઆઈએની ટીમ પણ તપાસ કરી રહી છે. એનઆઈએની ટીમ મોટા ભાગે સમગ્ર મામલામાં તપાસ કરે છે. ગુપ્ત જગ્યાઓ ઉપર દરોડા પણ પાડવામાં આવી રહ્યા છે. એનએસજી અને એનઆઈએની ટીમ તપાસમાં લાગી ગઈ છે. બ્લાસ્ટમાં કેટલાક શકમંદોની ભૂમિકા હોવાનું જાણવા મળી રહ્યું છે. ચેન્નાઈ રેલવે સ્ટેશન પર બ્લાસ્ટ થયા બાદ દેશમાં અન્ય જગ્યાએ પણ તપાસ ચાલી રહી છે. બ્લાસ્ટ કરવામાં કેટલાક શખ્સો હોવાની પ્રાથમિક માહિતી મળી છે. તેમની ધરપકડ ન કરતા વધુ ખતરો પણ તોળાઈ રહ્યો છે.

## ડોલરની સામે રૂપિયો ૬૦.૧૬ની સપાટીએ

મુંબઈ,તા. ૨

ડોલર સામે રૂપિયો આજે ત્રણ સપ્તાહની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. કારોબારના અંતે રૂપિયો ૬૦.૧૬ની સપાટી રહ્યો હતો. મજબૂત ફંડ પ્રવાહની સ્થિતિ વચ્ચે રૂપિયાને મજબૂતી મળી હતી જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર ડોલર નબળો રહ્યો હતો. ત્રણ સપ્તાહની ઉંચી સપાટીએ રૂપિયો પહોંચતા નવી આશા જાગી હતી. ગઈકાલના બંધ આંક ૬૦.૩૩ની સામે ડોલર સામે રૂપિયો આજે ૦.૨૯ ટકા સુધી ૬૦.૧૬ની સપાટીએ પહોંચ્યો હતો. રૂપિયા આજે સવારે ૬૦.૨૨ના સ્તરે ખુલ્યા બાદ તેમાં અંતે મજબૂતાઈ જોવા મળી હતી. રૂપિયો છેલ્લા સપ્તાહમાં મજબૂત બન્યો હતો.

## બિહાર, ઝારખંડ, ઉત્તરાખંડ સરકારને ઉથલાવવા તૈયારી

નવી દિલ્હી,તા. ૨

ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ તેમની આગામી યોજના તૈયાર કરી લીધી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ લોકસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ હાલમાં ખુબ પાતળી બહુમતિ ધરાવતી બિહાર, ઉત્તરાખંડ અને ઝારખંડની સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ કરવામાં આવસે. આ ત્રણેય રાજ્યોમાં સરકાર હાલ કટોકટીમાં છે. જો કે ભાજપના ટોચના નેતાઓએ કહ્યું છે કે આ રાજ્યોની સરકારોની આવી દહેશત પાયાવગરની છે. ભાજપે આવી કોઈ યોજના બનાવી નથી. વર્ષ ૨૦૦૯માં ભાજપને ઉત્તરાખંડમાં પાંચ લોકસભાની બેઠકો પૈકી કોઈ બેઠક મળી ન હતી. જ્યારે બિહારમાં તેના દ્વારા લડવામાં આવેલી ૧૫ બેઠકોની ચૂંટણી પૈકી ૧૨ બેઠકો જીતી લીધી હતી.ઝારખંડમાં ૧૨ પૈકીની આઠ બેઠકો જીતી હતી. આ વખતે પાર્ટી અપેક્ષા રાખે છે કે ઉત્તરાકંડમાં સપાટો બોલાવશે. ઝારખંડમાં સંખ્યા જાળવી રાખશે અને બિહારમાં ૪૦ પૈકીની ૨૦થી વધારે બેઠકો જીતી જશે. બિહારમાં નિતિશ કુમાર સરકાર કોંગ્રસ અને કેટલાક બિન આરજેડી ધારાસભ્યોના ટેકામાં છે. જો કે કોંગ્રેસ લોકસભાની ચૂંટણીમાં લાલુ પ્રસાદના આરજેડીની સાથે મેદાનમાં છે. જેડીયુના નેતાઓ આક્રમક મુડમાં દેખાઈ રહ્યા છે. બિહારમાં ૨૮ બેઠકો માટે ચૂંટણી પૂર્ણ થઈ ગઈ છે. બાકીની બેઠક પર સાતમી અને ૧૨મી મેના દિવસે મતદાન યોજનાર છે. પોલ સર્વે કહે છે કે બિહારમાં ભાજપ સપાટો બોલાવશે. કેટલાક રાજ્યોમાં બાજપના વ્યુહરચનાકારો નવી ગણતરીમાં લાગી ગયા છે.

## વારાણસીમાં નરેન્દ્ર મોદીને રેકોર્ડ અંતરથી જીતાડવાની તૈયારી

નવી દિલ્હી,તા. ૨

ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી વારાણસી બેઠક પરથી ચૂંટણી મેદાનમાં છે. મોદીને રિકોર્ડ અંતરથી જીત અપાવવા માટે હવે દિગ્ગજ સ્ટાર પ્રચારકો પ્રચાર કરનાર છે. વારાણસીમાં પ્રચાર કરવા માટે પક્ષ પ્રમુખ રાજનાથસિંહ, મુરલી મનોહર જોશી, સુષ્મા સ્વરાજ અને અરૂણ જેટલીનો સમાવેશ થાય છે. ઉપરાંત મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન શિવરાજસિંહ ચોહાણ પણ પ્રચાર કરવા માટે કમર કસી ચુક્યા છે. મોદી પોતે પણ વારાણસીમાં મતદારોને પ્રભાવિત કરવા માટે ત્રણ રેલી કરનાર છે. સુત્રોએ કહ્યું છે કે તે શહેરમાં બે દિવસ સુધી રોકાશે. વારાણસીમાં યોજાનાર બેઠક પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ભજપના ઉત્તરપ્રદેશ એમકના પ્રમુખ લક્ષ્મીકાંત વાજપેયીએ કહ્યું છે કે અમે મોદીની ઓફિસને નિવેદન મોકલી ચુક્યા છીએ. બાકીની બે તબક્કાની ચૂંટણી પહેલા મોદી તમામ જગ્યાએ રેલીઓ કરે તેવી રજૂઆત કરવામા આવી છે. તેમણે કહ્યું હતું કે મોદી પૂર્વીય ઉત્તરપ્રદેશમાં ૧૩ રેલી યોજનાર છે. આમાં ત્રણ રેલી વારાણસીમાં પણ થનાર છે. જેટલી પણ કહી ચુક્યા છે કે તેઓ વારાણસીમાં પણ પ્રચાર કરનાર છે.ભાજપના સુત્રોએ વિગત આપતા કહ્યું છે કે છેલ્લી ચૂંટણીમાં ભાજપના પ્રભારી રહી ચુકેલા જેટલીએ કહ્યું છે કે તેઓ પ્રચાર કરનાર છે. રાજ્યમાં રાજકીય ચિત્રથી વાકેફ રહેલા જેટલી લોકોનો સંપર્ક કરનાર છે. મોદીની સાથે સુષ્મા સ્વરાજના સંબંધ સારા નતી છતાં તેમના માટે પ્રચાર કરવા સુષ્મા સ્વરાજ તૈયાર છે. મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન પણ ઝંઝાવતી પ્રચાર કરનાર છે.અન્ય લોકો પણ પ્રચાર કરનાર છે. વારાણસીમાં નરેન્દ્ર મોદી અને અરવિંદ કેજરીવાલ વચ્ચે મુખ્ય સ્પર્ધા છે. આ બેઠક ઉપર અન્ય રાજકીય પક્ષોની પણ નજર રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસના અજય રાય ચૂંટણી મેદાનમાં છે.

## સતીશ શર્માને ૨૦૦-૫૦૦ કરોડ મોકલાયાનો દાવો


અમેઠી,તા. ૨

અમેઠીમાં ચૂંટણી પ્રચાર દરમિયાન અરવિંદ કેજરીવાલે ભાજપ અને કોંગ્રેસ પર મતદારોની વચ્ચે પૈસા વહેંચવાનો આક્ષેપ કર્યો હતો. કેજરીવાલે કહ્યું હતું કે, કેપ્ટન સતીષ શર્માને ૨૦૦થી ૫૦૦ કરોડ રૂપિયા મોકલવામાં આવ્યા છે. મતદારોની વચ્ચે સાડીઓ, ઘડિયાળો અને અન્ય ચીજવસ્તુઓ વહેંચવામાં આવી રહી છે. કેજરીવાલે સભામાં ઉપસ્થિત રહેલા લોકોને કહ્યું હતું કે, બંને પાર્ટીઓ પાસેથી ચોક્કસપણે પૈસા લેવામાં આવે પરંતુ મત આમ આદમી પાર્ટીને આપવામાં આવે. દિલ્હીનો દાખલો આપતા કેજરીવાલે કહ્યું હતું કે, દિલ્હીમાં પણ ઝુંપડપટ્ટી વિસ્તારોમાં રહેતા લોકોને નાણા આપવામાં આવ્યા હતા પરંતુ લોકોએ મત આમ આદમી પાર્ટીને આપવામાં આવ્યા હતા.

## કેજરીવાલ રાજકારણના એક કાચા ખેલાડી : પ્રિતી

વારાણસી,તા. ૨

લોકપ્રિય અભિનેત્રી અને બિઝનેસ મહિલા પ્રિતી ઝિન્ટા હાલમાં વારાણસીમાં છે અને ભાજપ માટે પ્રચારમાં પણ વ્યસ્ત છે. પ્રિતીએ આજે આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલની ઝાટકણી કાઢતા રહ્યું હતું કે, કેજરીવાલ રાજનીતિના કાચા ખેલાડી છે. કેજરીવાલ શું કરવા માંગે છે તે બાબત



તેઓ પોતે પણ જાણતા નથી. પ્રિતીએ કહ્યું હતું કે, કેજરીવાલ એક જ દિવસમાં તમામ બાબત કરી લેવા ઈચ્છુક છે જે ક્યારે શક્ય બનતી નથી. દિલ્હીની પ્રજાએ કેજરીવાલની મુખ્યમંત્રી તરીકે પસંદગી કરી હતી પરંતુ કામ કરવાના બદલે કેજરીવાલ જવાબદારીમાંથી ભાગી ગયા હતા. આજે સવારે કાશી વિશ્વનાથ મંદિર અને સંકટ મોચન મંદિરના દર્શન બાદ પ્રિતી ઝિન્ટા મોદીની પ્રશંસા કરતા નજરે પડી હતી. પ્રિતીએ કહ્યું હતું કે, હાલમાં દેશને એવા રાજનેતાની જરૂર છે જે તમામને સમજી શકે. મોદી વડાપ્રધાન પદ માટે બિલકુલ યોગ્ય ઉમેદવાર છે. વિકાસની કામગીરી ગુજરાતમાં ખુબ ઝડપથી વધી છે. ચારેબાજુ વિકાસની પ્રક્રિયા દેખાય છે. શૂટિંગના સિલસિલામાં અમે ચારેબાજુ જઈએ છીએ પરંતુ ગુજરાતની વાત અલગ છે. જે વ્યક્તિ યોગ્ય કામ કરે છે તેની પ્રશંસા ચારેબાજુ થવી જોઈએ.

## ત્રીજા મોરચાને કોઇ જ ટેકો ન આપવા રાહુલની યોજના

નવી દિલ્હી,તા. ૨

લોકસભાની ચૂંટણીના પરિણામ આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે રાહુલ અને કોંગ્રેસના અન્ય વરિષ્ઠ નેતાઓ વચ્ચે તમામ પાસાઓ પર ચર્ચા ચાલી રહી છે. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને મોટી નિરાશા હાથ લાગનાર છે તેવી ઓપિનિયન પોલમાં આગાહી પર પણ કોંગ્રેસની વિચારણા ચાલી રહી છે. ઓપિનિયન પોલ મુજબ પરિણામ આવવાની સ્થિતીમાં રાહુલ ગાંધાએ હવે ત્રીજા મોરચાને ટેકો આપવાના બદલે વિપક્ષમાં બેસવાની નિતી તૈયાર કરી લીધી છે. કોંગ્રેસના નેતાઓ હાલમાં કહી રહ્યા હતા કે ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીને રોકવા માટે કોઈ પણ નિતી અપનાવવામાં આવસે પરંતુ રાહુલ આવી ઈચ્છા દરાવતા નથી. રાહુલ ગાંધી વિપક્ષમાં બેસીને સરકારને રચનાત્મક ટેકો આપવા માટે ઈચ્છુક છે. અનેક પક્ષોની મદદથી સરકારને ટેકો આપવાના બદલે રાહુલ કોંગ્રેસ પાર્ટીને વધારે મજબુત કરવાના ઈરાદા સાથે વિપક્ષમાં બેસશે. કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ નામ જાહેર નહી કરવાની શરતે કહ્યું છે કે ભુતકાળમાં આવી રચના સફળ રહી નથી જેથી રાહુલ આવા કોઈ કોઈ પ્રયોગ કરવા ઈચ્છુક નથી. વિદેશ પ્રધાન સલમાન ખુરશીદ જેવા કેટલાક વરિષ્ઠ નેતાઓ કહી ચુક્યા



છે કે ત્રીજા મોરચાની સરકારને ટેકો આપવા માટે પાર્ટી તૈયાર છે. પરંતુ આવા સુચનોથી રાહુલ ખુશ નથી. પાર્ટીને વધારે મજબુત કરવાની નિતી તૈયાર કરવામાં આવી રહી છે. પક્ષના વરિષ્ઠ નેતાએ તાજેતરમાં કહ્યું હતું કે રાહુલે હોદ્દેદારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે ચૂંટણી બાદ સંસ્થામાં ધરખમ ફેરફાર કરવામાં આવનાર છે. તેમની મુખ્ય પ્રાથમિકતા સંસ્થાને મજબુત કરવાની છે. કોંગ્રેસને એવા રાજ્યોમાં વધારે મજબુત કરવામાં આવસે જ્યાં તેનુ નેટવર્ક હવે ખરાબ થઈ ચુક્યું છે. સુત્રોએ કહ્યું છે કે રાહુલ માળખાકીય ફેરફારના ભાગરૂપે યુવા ટીમને પક્ષની ચાવીરૂપ જવાબદારી સોંપવામાં આવનાર છે. ૧૬મીના દિવસે પરિણામ જાહેર થાય તેના પહેલા પક્ષના વ્યુહરચનાકારો માની રહ્યા છે કે ચૂંટણી બાદના વિકલ્પ પર ચર્ચા શરૂ કરવામાં આવી છે.

## સમાચાર ઝલક

- કંપનીઓ શરૂ કરવામાં રોબર્ટ વાઢેરાની મદદ પ્રિયંકાએ પણ કરેલ છે, જેથી તેમણે પણ કોર્પોરેટ વિભાગને જવાબ આપવાનો રહેશે.
- કેદારનાથની યાત્રાની શરૂઆત, ડોલી વિશ્વનાથ મંદિર, ગુપ્તકાશી પહોંચી.
- ૨૦૧૩માં ભારતીય સોફ્ટવેર બજારનું કદ ૪.૭ અબજ ડોલર થયું.
- લંડનમાં સિઝેરીયન દરમિયાન બે મિનિટ માટે મરી ગયેલી મહિલા પાછી જીવતી થઇ.
- ભારતીય ઇવીએમ મશીનોથી નામીબિયામાં રાષ્ટ્રપતિની ચૂંટણી થશે.
- ચીનમાં રેલ્વે સ્ટેશન પર બૉંબ વિસ્ફોટથી ૩ લોકોનાં મોત અને ૭૯ લોકો ઘાયલ થયા.
- સોમનાથમાં યાત્રાળુઓને આવાસ બુકિંગ માટે આંટાફેરામાંથી મુક્તિ મળશે.
- ઇજનેરી-ફાર્મસીમાં હવે પ્રવેશ માટે નવી પદ્ધતિ, મેરીટ લીસ્ટના મામલામાં સુપ્રીમકોર્ટમાં સુનાવણી થશે.
- ધાર્મિક સ્વાતંત્ર્યના ભંગ બાબતે પાકિસ્તાન સામે પગલાં ભરવા અમેરિકન સમિતિની માંગ.
- નરેન્દ્રભાઇ મોદી સામે આચારસંહિતા ભંગની તપાસનું સૂરસૂરીયું થઇ ગયું, મોદીને ક્લીનચીટ મળી.
- સદીના મહાનાયક અમિતાભ બચ્ચને ઓસ્ટ્રેલિયાનાં મેલબોર્નમાં ઇન્ડિયન ફિલ્મ ફેસ્ટીવલનું ઉદ્‌ઘાટન કર્યું.
- ખાતેદાર ખેડૂત 'જયા બચ્ચન'ને પાકને માવઠાથી નુકશાની પેઠે રૂા. ૧૪૦૦૦ નું વળતર મળશે.
- ગ્રાહક ભાવાંક ઘટવાથી બેંક-વીમાનાં કર્મચારીઓનાં મોંઘવારી ભથ્થું ઘટશે, વર્ષો પછી ઘટાડાની નોબત આવી.
- વડોદરામાં સાઇકલ રીપેરીંગ વાળા કે. પદ્મરાજન ૧૫૮ વખત ચૂંટણી હાર્યા છે, અત્યાર સુધીમાં ૧૨ લાખની ડિપોઝીટ ગુમાવી છે.
- ચીનમાં બેજીંગમાં ખુલ્લામાં રસોઇ કરવાની મનાઇ ફરમાવેલ છે.
- અફઘાનિસ્તાનમાં બળાત્કારનો ભોગ બનેલી યુવતીના પિતાએ આરોપીના નાક-કાન કાપી લીધા.
- દેશમાં સમયસર ચોમાસું બેસશે તેવી હવામાનખાતાની આગાહી.
- 'હું છ માસથી ઇજાના ત્રાસથી ત્રાસી ગઇ છું' : બેન્ડમિન્ટન ખેલાડી જ્વાલા ગટ્ટા.
- વિશ્વમાં દર સાતમી સેકન્ડે ડાયાબિટીશથી એક વ્યક્તિનું મોત થાય છે, ડાયાબિટીશના દર્દીઓમાં નોંધપાત્ર વધારો થયો.
- અખાત્રીજનો દિવસ મિલકતો, જવેલરી, વાહનો, ઉદ્‌ઘાટનો, ખાતમૂર્હતો, માંગલિક પ્રસંગોથી ભરપૂર રહ્યો.